પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૩૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૪-૦૫-૨૦૨૧ સોમવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 230 PRICE :-RS. 1.50 DATE : 24-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### તમામ બાળકોની ઉંમર ૦થી ૧૮ વર્ષ સુધીની,ગેહલોત સરકાર એલર્ટ

# રાજસ્થાનમાં કોરોનાની ત્રીજી લહેરની એન્ટ્રી! ૩૪૧ બાળકો પોઝિટિવ

જયપુર,

કોરોનાની બીજી લહેર હજુ શમી નથી ત્યાં ત્રીજી લહેરના આગમનથી સ્થિતિ વધુ ભયજનક બની છે. રાજસ્થાનના દૌસા ખાતે કોરોનાની ત્રીજી લહેરનું આગમન વર્તાઈ રહ્યું છે. દૌસા ખાતે ૩૪૧ બાળકો કોરોનાની લપેટમાં આવ્યા છે, મતલબ કે ૩૪૧ બાળકોમાં કોરોના સંક્રમણની પુષ્ટિ થઈ છે. કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાને ધ્યાનમાં રાખીને દૌસા જિલ્લા પ્રશાસન એલર્ટ થઈ ગયું છે.



દૌસા ખાતે ૩૪૧ બાળકોને કોરોના થયો છે અને તે તમામની ઉંમર ૦થી ૧૮ વર્ષ સુધીની છે. આ તમામ કેસ ૧ મેથી ૨૧ મે દરમિયાન નોંધાયા છે. જિલ્લાના ડીએમના કહેવા પ્રમાણે ૩૪૧ બાળકો કોરોના સંક્રમિત આવ્યા છે પરંતુ તે પૈકીના કોઈની સ્થિતિ સીરિયસ નથી. હાલ કોવિડની ત્રીજી લહેરની સંભાવનાને ધ્યાનમાં રાખીને દૌસા જિલ્લા હોસ્પિટલને એલર્ટ કરી દેવામાં આવી છે.

આ બધા વચ્ચે રાજસ્થાનના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના અટકાવવા માટે રાજસ્થાન સરકારે યુદ્ધ સ્તરે તૈયારીઓ શરૂ કરી દીધી છે. તે અંતર્ગત સ્વાસ્થ્ય વિભાગની ટીમ ગામે-ગામ અને ડોર-ટુ-ડોર ફરીને લોકોનો કોવિડ ટેસ્ટ કરશે. ગામોમાં જ કોવિડ સેન્ટર બનાવાશે અને પોઝિટિવ નોંધાય તે દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવશે. આ માટે ઘરે-ઘરે સર્વે અભિયાનની શરૂઆત પણ કરી દેવાઈ છે.

**ત્રીજી લહેરમાં બાળકો સૌથી વધારે કોરોના પોઝિટિવ આવશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે, તમામ કેસ ૧મેથી ૨૧મે દરમ્યાન નોંધાયા**

ઉલ્લેખનીય છે કે, ત્રીજી લહેર પહેલા જ બાળકોમાં કોરોનાના કેસ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા રાજ્યોમાં બાળકોમાં ખૂબ જ ઝડપથી સંક્રમણ ફેલાઈ રહ્યું છે. નિષ્ણાતોના મતે કોરોનાની ત્રીજી લહેર બાળકો માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. ત્રીજી લહેરમાં બાળકો સૌથી વધારે કોરોના પોઝિટિવ આવશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ સંજોગોમાં દૌસા ખાતે ૩૪૧ બાળકો કોરોનાની લપેટમાં આવ્યા તેથી મુશ્કેલીઓ વધી શકે છે.

કોરોનાની પહેલી લહેર દરમિયાન ૯ માર્ચથી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાન ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના ૧૯,૩૭૮ કેસ નોંધાયા હતા અને ૧૧થી ૨૦ વર્ષની ઉંમરના બાળકોના ૪૧,૯૮૫ કેસ સામે આવ્યા હતા. જ્યારે કોરોનાની બીજી લહેરમાં તમામ રેકોર્ડ તૂટતા દેખાયા હતા. માત્ર ૧૫ દિવસ એટલે કે ૧થી ૧૬ મે ૨૦૨૧ દરમિયાન ૧૯,૦૦૦ બાળકો કોરોનાની લપેટમાં આવી ચુક્યા છે. નિષ્ણાતોના મતે મોટાભાગના બાળકો જે કોવિડથી પ્રભાવિત છે તેમનામાં સામાન્યરૂપે હળવો તાવ, ખાંસી, શરદી, શ્વાસ લેવામાં મુશ્કેલી, કબજિયાત, થાક, સૂંઘવા-સ્વાદની ક્ષમતા ઘટવી, ગળામાં ખારાશ, માંસપેશીઓમાં દુખાવો તથા નાક વહેવા જેવા લક્ષણોનો સમાવેશ થાય છે.

## એનડીઆરએફની ૬૫ ટીમ તૈનાત

## યાસનો ખતરોઃ બંગાળ, ઓડિશા પર ૨૬મીએ વાવાઝોડું ત્રાટકશે



કોલકાત્તા,

બંગાળની ખાડી પર શનિવારે ઘટેલા દબાણને લીધે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને બંગલાદેશના કિનારાના વિસ્તારો પર ૨૬મી મેના દિવસે જોરદાર વાવાઝોડું ત્રાટકવાની આગાહી હવામાન વિભાગે રવિવારે કરી હતી.સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે વાવાઝોડું જ્યાં સૌથી વધુ ત્રાટકવાનું છે, એ વિસ્તારોમાં ઝડપથી રાહત અને બચાવકાર્ય માટે નૌસેનાએ પોતાના જહાજો અને વિમાનો તૈયાર રાખ્યા છે. હવામાન ખાતાએ જણાવ્યું હતું કે વાવાઝોડું બુધવારે (૨૬મી મે) સાંજે બંને રાજ્યો પર ત્રાટકશે. વાવાઝોડાને લીધે પવન ૯૦થી ૧૧૦ કિ. મી. પ્રતિ કલાકની ઝડપે ફૂંકાવાની શક્યતા દર્શાવવામાં આવી છે.૨૬મીએ કિનારા નજીકના જિલ્લાઓમાં અમુક સ્થળે ભારેથી અતિભારે અને બંને રાજ્યોમાં અન્ય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદના ઝાપટાં પડવાની આગાહી કરવામાં આવી છે.

## આસામમાં સુરક્ષાદળોને મોટી સફળતા, એકાઉન્ટરમાં ૬ ઉગ્રવાદી ઠાકર



ગુવાહાટી,

આસામ રાઈફલ્સ અને આસામ પોલીસે રવિવારે સંયુક્ત ઓપરેશન ચલાવીને દિમાસા નેશનલ લિબરેશન આર્મીના ૬ ઉગ્રવાદીઓ માર્યા ગયા હતા. અથડામણ નાગાલેન્ડ સરહદની પશ્ચિમમાં આવેલા કાર્બી આંગલોંગ જિલ્લામાં સર્જાયું હતું.

સેનાને અહીં ડીએનએલએના ઉગ્રવાદીઓ છુપાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. આ પછી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તે દરમિયાન ઉગ્રવાદીઓએ ફાયરિંગ કર્યું હતું. જવાબી કાર્યવાહીમાં ૬ ઉગ્રવાદીઓ માર્યા ગયા હતા.પોલીસના જણાવ્યા અનુસાર માર્યા ગયેલા ઉગ્રવાદીઓ પાસેથી મોટી સંખ્યામાં દારૂગોળો અને ૪ એકે-૪૭ મળી આવી છે.

સેનાનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ ઓપરેશન પશ્ચિમ કાર્બી આંગલોંગ જિલ્લાના એડિશનલ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ પ્રકાશ સોનોવાલની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. દિમાસા નેશનલ લિબરેશન આર્મીની સ્થાપના ઉગ્રવાદીઓએ ૨ વર્ષ પહેલા કરવામાં આવી હતી. આ સંગઠન દિમાસા આદિવાસીઓ માટે એક સ્વતંત્ર દેશ બનાવવા માંગે છે.

સંગઠનના પ્રમુખનું નામ નાઈસોદાઓ દિમાસા અને સચિવનું નામ ખારમિનદાઓ દિમાસા છે. આ ઉગ્રવાદી સંગઠન આસામના ડીમા હસાઓ અને પશ્ચિમ કાર્બી આંગલોંગ જિલ્લામાં સક્રિય છે. આ પહેલા ૧૯ મેના રોજ ડીએનએલએના ઉગ્રવાદીઓએ ધનસિરી વિસ્તારમાં એક યુવકની હત્યા કરી હતી. આ ઘટના બાદથી સુરક્ષા દળોની ટીમ સતત આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.

## મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ૩.૩ની તીવ્રતાના ભૂકંપ આંચકા




કોલ્હાપુર,

મહારાષ્ટ્રમાં રવિવારે સવારે ભૂકંપ હળવા આંચકા અનુભવા છે. મળતી માહિતી મુજબ સાતારા અને કોલ્હાપુર વચ્ચે વાજેગાંવ નજીક હળવા આંચકા અનુભવાયા હતા. તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૩ રેટ હતી. હજી સુધી કોઈ નુકસાનના સમાચાર મળ્યા નથી. લોકડાઉનને કારણે દુકાનો બંધ હતી અને લોકો તેમના ઘરોમાં હતા. આપને જણાવી દઈએ કે રવિવારે સવારે મણિપુરમાં પણ હળવા આંચકા અનુભવાયા હતા.ના નેશનલ સેન્ટર ફોર અર્થ સાયન્સના જણાવ્યા અનુસાર, આજે સવારે ૦૬.૫૬ વાગ્યે મણિપુરના ઉખરૂલમાં ૪.૩ ની તીવ્રતાનું આંચકો અનુભવાયો હતો.શનિવારે સવારે લદ્દાખના કારગિલમાં ૩.૬ અને બપોરે જમ્મુના કટરામાં ૩.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. કોઈ નુકસાન અહેવાલ નથી.

# ભારત બાયોટેક ૧ જૂનથી બાળકો પર ‘કોવેક્સિન’નું ટ્રાયલ શરૂ કરશે




ન્યુ દિલ્હી,

ભારત બાયોટેકે ૧-જૂનથી સ્વદેશી કોરોના વિરોધી રસી “કોવૅક્સિન”ના બાળકો પર મેડિકલ ટ્રાયલની યોજના બનાવી છે. હૈદરાબાદ સ્થિત વૅક્સિન બનાવતી કંપનીને તાજેતરમાં જ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા તરફથી ૨ થી ૧૮ વર્ષ સુધીના બાળકો પર ક્લિનિકલ ટ્રાયલ કરવાની મંજૂરી મળી ગઈ છે.

૨૨મી મેના રોજ હૈદરાબાદમાં ફિક્કી લેડીઝ ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં ભારત બાયોટેકના બિઝનેશ ડેવલોપમેન્ટ અને ઈન્ટરનેશનલ એડવોકેસીના પ્રમુખ રચેશ એલ્લાએ કહ્યું કે, બાળકો પર વૅક્સિન ટ્રાયલ ૧-જૂનથી શરૂ થશે.મીડિયા રિપોર્ટ મુજબ, એલ્લાએ કહ્યું કે, ભારત બાયોટેકને આ વર્ષના જ ત્રિમાસિકમાં લાઈસન્સ મળી શકે છે. ભારત બાયોટેકે કોવેક્સિન માટે વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝશન પાસે મંજૂરી મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ભૂતકાળમાં પણ અમારી કેટલીક પ્રોડક્ટને વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝશનની મંજૂરી મળી ચૂકી છે. અમે ત્રીજા અથવા ચોથા ત્રિમાસિકના અંત સુધી કોવેક્સિન માટે મંજૂરી મળવાની આશા રાખી રહ્યાં છીએ.અગાઉ મે મહિનામાં એક એક્સપર્ટ કમિટીએ ભલામણ કરી હતી કે, ૨થી ૧૮ વયજૂથ પર કોવેક્સિનનું ટ્રાયલ શરૂ કરી દેવું જોઈએ. કોરોના સંક્રમણની સંભાવિત ત્રીજી લહેર આવે તે પહેલા જ હેલ્થ એક્સપર્ટ બાળકો માટે અસરકારક અને સુરક્ષિત ડૉઝની માંગ કરી રહ્યાં છે.ભારતે અત્યાર સુધીમાં કોવિશીલ્ડ, કોવેક્સિન અને સ્પૂતનિક વૅક્સિનને જ મંજૂરી આપી છે. જેમાંથી કોવેક્સિન ભારત બાયોટેક દ્વારા ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના સહયોગથી વિકસાવવામાં આવી છે.

## ડુંગરપુર ખાતેથી ગુજરાત જતી કારમાંથી ૪.૫ કરોડ મળી આવતા ખળભળાટ મચ્યો



જયપુર,

રાજસ્થાનના ડુંગરપુર ખાતેથી પોલીસે ગુજરાત જઈ રહેલી એક કારમાંથી કરોડો રૂપિયા જપ્ત કરી લીધા છે. જિલ્લાની બિછીવાડા થાણા પોલીસે શનિવારે નેશનલ હાઈવે નંબર ૮ પર મોટી કાર્યવાહી કરી હતી અને ૪.૫ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરી હતી. હવાલાની કાળી કમાણી સાથે ૨ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. આ કરોડો રૂપિયા દિલ્હીથી ગુજરાત લાવવામાં આવી રહ્યા હોવાનું માનવામાં આવે છે. હાલ પોલીસ આ કેસની તપાસ કરી રહી છે અને જપ્ત કરવામાં આવેલી રોકડ હવાલાની હોવાનું માનવામાં આવે છે.

ડીએસપી મનોજ સવારિયાંના કહેવા પ્રમાણે હાલ રોકડ જપ્ત કરી લેવામાં આવી છે અને આરોપીઓની પુછપરછ ચાલુ છે. પ્રાથમિક વિગતો પ્રમાણે આ કેસ હવાલા સાથે સંકળાયેલો હોવાનું પ્રતીત થઈ રહ્યું છે. જો કે, પોલીસ હજુ ઘટના સ્થળે કાર્યવાહી કરી રહી છે અને આરોપીઓને ધરપકડ બાદ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે.

પોલીસ સ્ટેશનમાં આટલી રોકડ ગણવા માટે મશીન નહોતા માટે બેંકમાંથી મંગાવવા પડ્યા હતા. આટલી બધી રોકડ ગણવામાં સવારથી સાંજ થઈ ગઈ હતી. જપ્ત કરવામાં આવેલી રોકડની ગણતરી થઈ ગઈ છે અને પોલીસ આરોપીઓની પુછપરછ કરી રહી છે.

## કોરોના,મ્યુકરના કહેર વચ્ચે પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો




ન્યુ દિલ્હી,

આજે ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તગડો વધારો થયો છે. દિલ્હીમાં રવિવારે પેટ્રોલ ૧૮ પૈસા અને ડીઝલ ૨૮ પૈસા મોંઘું થયું છે. દેશભરમાં પેટ્રોલના ભાવમાં ૧૫-૧૭ પૈસા પ્રતિ લીટર જ્યારે ડીઝલમાં ૨૫-૨૯ પૈસા પ્રતિ લીટર ભાવ વધારો થયો છે. જણાવી દઈએ કે શુક્રવારે ડીઝલની કિંમત ૨૯ પૈસા જ્યારે પેટ્રોલની કિંમત ૧૯ પૈસા વધી હતી.

મે મહિનામાં અત્યાર સુધી પેટ્રોલ અને ડીઝલ ૧૨ વખત મોંઘું થયું છે. સતત વધી રહેલા ભાવના કારણે માત્ર ૧૨ દિવસમાં જ પેટ્રોલમાં ૩.૨૪ અને ડીજલમાં ૨.૯૪ રૂપિયાનો ભાવ વધારો નોંધાયો છે. જો કે કેટલાક રાજ્યોમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાને પાર કરી ચૂકી છે. મહારાષ્ટ્રના નાંદેડમાં પેટ્રોલ ૧૦૧.૫૪ રૂપિયા પ્રતિ લીટરે, રાજસ્થાનના શ્રીગંગાનગરમાં પેટ્રોલ ૧૦૩.૮૦ રૂપિયા જ્યારે જેસલમેરમાં પેટ્રોલ ૧૦૦.૯૭ રૂપિયા પ્રતિ લીટરે મળી રહ્યું છે.

## રાજ્યો પાસે રસીના ૧.૬ કરોડથી વધુ ડૉઝ ઉપલબ્ધ

ન્યુ દિલ્હી

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે હજુ પણ કોરોનાની વૅક્સિનના ૧.૬ કરોડ કરતા વધુ ડૉઝ ઉપલબ્ધ છે અને આવનારા ત્રણેક દિવસમાં જ તેમને વધુ ૨.૬૭ લાખ ડૉઝ પૂરા પાડવામાં આવશે, એમ કેન્દ્રના આરોગ્ય ખાતાએ કહ્યું હતું.આરોગ્ય ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અત્યાર સુધીમાં કોરોનાની રસીના ૨૧ કરોડ કરતા પણ વધુ ડૉઝ પૂરા પાડવામાં આવ્યા છે.૨૧ મે ૨૦૨૧ સુધીમાં બગાડ સહિત આમાંથી ૧૯,૭૩,૬૧,૩૧૧ ડૉઝ વપરાઈ ગયા છે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.હજુ પણ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે વૅક્સિનના ૧.૬ કરોડ કરતા વધુ (૧,૬૦,૧૩,૪૦૯) ડૉઝ ઉપલબ્ધ છે અને બેત્રણ દિવસમાં તેમને વૅક્સિનના વધુ ૨,૬૭,૧૧૦ ડૉઝ પૂરા પાડવામાં આવશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી વેડ રામપુર સં.સ.મં.લી

મુ.વેડ

તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગાંગરડીવાલા જોહરાભાઈ અબ્બાસભાઈ

મુ.વાંસીયા ડુંગરી

તા. ધાનપુર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૩૦ પોઝિટિવ કેસ નોંધાયા

## અત્યારસુધી જિલ્લામાં કોરોનાના કુલ ૭૧૯૫ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૦ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૩-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૧૯૫ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૮ સ્ત્રીં, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૭ સ્ત્રી, ૧૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૦ સ્ત્રી, ૦૦ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૫ સ્ત્રી, ૨૦ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૬ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૧ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૩૫૭ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૩૧૭૬૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૩૯૪ દર્દી હોમ આઈસોલેશન, ૩૫ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર, ૬૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૫૦ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૩૫ દર્દીઓ સ્ટેબલ, ૧૨૧ દર્દીઓ ઓકિસજન પર અને ૦૯ વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૦૫
કડાણા-૦૨
ખાનપુર-૦૩
લુણાવાડા-૦૮
સંતરામપુર-૦૮
વિરપુર-૦૪

# હાલોલમાં ગેરકાયદેસર વ્યાજખોરી તત્વો વિરૂદ્ધ ફરિયાદ નોંધાતા ફફડાટ

હાલોલ, હાલોલમાં ગેરકાયદેસર વ્યાજખોરી કરતા તત્વો સામે પોલિસે લાલઆંખ કરી વ્યાજે આપેલ માથાભારે વ્યાજખોરે રૂપિયાની વસૂલી માટે યુવાન પાસેથી જબરજસ્તી બુલેટ બાઈક ઝૂંટવી બાકી નીકળતા રૂપિયા આપી બુલેટ લઈ જજે નહી તો જાન થી મારી નાખવાની ધમકી આપતા પોલિસે વ્યાજખોર ઈસમ વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરતા ગેરકાયદે વ્યાજખોરીનું નેટવર્ક ચલાવતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

હાલોલ કોઠી ફળિયામાં રહેતા અને ગેરેજનું કામ કરતા ઝફર હનીફ મેતર એ છ માસ અગાવ ખોખર ફળિયામાં રહેતો વહાબ અનવર ખાન પઠાણ પાસે થી ૧.૨૦ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જેનું ઝફર દર અઠવાડિયે પેનલ્ટી સ્વરૂપે પદર હજાર વ્યાજ ચૂકવતો હતો.

ઝફરે ૧.૨૦.લાખ સામે ૩.૬૦ લાખ ચૂકવી દીધા હતા. તેમ છતાં વહાબ અવાર નવાર રૂપિયાની ઉઘરાણી કરી ધાકધમકીઓ આપતો હતો.

તા.૫ મેંના રોજ ઝફર તેના સસરા ઈસાક લીમડિયા સાથે બુલેટ બાઈક પર બજાર તરફ જતો હતો. દરમિયાન વડોદરા રોડ પર વહાબ સામે થી એક્ટિવા લઈને આવી બુલેટ સામે બાઈક ઉભી રાખી ઝફરને તું મારા રૂપિયા કેમ નથી આપતો કહી ઝફર પાસે થી જબરજસ્તી બુલેટ બાઈક લઈ હવે મારા રૂપિયા આપી બાઈક લઈ જજે અને રૂપિયા નહીં આપું તો તને જાન થી મારી નાખીશની ધમકી આપતા ઝફરે હાલોલ શહેર પોલિસ મથકમાં વહાબ પઠાણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલિસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરતા ગેરકાયદેસર વ્યાજખોરીનો ધંધો કરતા તત્વોમાં સોંપો પડી ગયો છે.

## મોરવા(હ)ના મોરા ગામે બંધ ઘરફોડ ચોરીના એક આરોપીને પોલીસે ઝડપી ૧૪,૪૧૦/-રૂપીયાનો મુદ્દામાલ રીકવર કર્યો

મોરવા(હ), મોરવા(હ)ના મોરા ગામેથી એપ્રિલ માસમાં સોના-ચાંદીની દુકાન તેમજ મોબાઈલ ફોનની દુકાન માંથી ચોરી થયેલ હતી અને આ બન્ને ઘરફોડ ચોરીનો મુદ્દામાલ એક ઈસમ મોરવા બજારમાં દુકાને-દુકાને વેચવા ફરી રહ્યો છે. તેવી બાતમી એલ.સી.બી.પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે આરોપીને ઝડપી પાડી ૧૪,૪૧૦/-રૂપીયાનો મુદ્દામાલ રીકવર કર્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના મોરા ગામે એપ્રિલ મહિનામાં રાત્રીના સમયે સોનીની દુકાન તેમજ મોબાઈલની દુકાનમાં ચોરી થયેલ હતી. ચોરી બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી. મોરાની દુકાનમાં ઘરફોડ ચોરી કરેલ મોબાઈલ ફોન, વીંટી અને ચાંદીના અંગુઠિયા એક ઈસમ કલ્પેશ પારસીંગભાઈ ડામોર (રહે.નવા ગામ મોરવા) મોરવા બજારમાં દુકાને-દુકાને વેચવા માટે ફરી રહ્યો છે. તેવી બાતમી એલ.સી.બી. પોલીસને મળી હતી. બાતમીના આધારે એલ.સી.બી પોલીસે કલ્પેશ ઉર્ફે રાકા ડામોરને ઝડપી પાડયા હતા. તેની પાસેથી જીયો કંપનીના મોબાઈલ ફોન નંગ-૬ કિંમત ૯,૦૦૦/-રૂપીયા, ચાંદીની વીંટી નંગ-૩૦ કિંમત ૪૦૧૦/-રૂપીયા, ચાંદીની અંગુઠીયા નંગ-૪ કિંમત ૪,૦૦૦/-રૂપીયા મળી ૧૪,૪૧૦/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. એલ.સી.બી.પોલીસની પુછપરછ દરમ્યાન એપ્રિલ મહિનામાં ફોઈ સાસુના છોકરા પંજક ઉર્ફે પકો વીરસીંગભાઈ ડામોર (રહે. ભોટવા તા.ધાનપુર), કરણ રમેશભાઈ તડવી (રહે.આગળપાણી, ધાનપુર), વિપુલ સબુરભાઈ બારીયા મારા ઘરે આવ્યા હતા અને પંકજના કહેવાથી મોરામાં રાત્રીના સમયે દુકાનના તાળા તોડી ચોરી કરેલ હતી અને મારા ઘરે ચાલ્યા ગયા પંકજે મારા ભાગ પેટે ચાંદીની વીંટી-૪૦ અને ૪ અંગુડીયા આપી હતી. પોલીસે આરોપીને ઝડપી પાડી આરોપી ઈસમ પાસેથી ૧૪,૪૧૦/-રૂપીયાના ચોરીના માલ રીકવર કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય ત્રણ ચોર ઈસમોને પકડવાના બાકી છે. એલ.સી.બી.પોલીસે મોરાની ઘરફોડ ચોરીના ગુનાના આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

## કાલોલ ચલાલીગામે રીક્ષામાં ૨૮,૮૦૦/- ના વિદેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડતી ગોધરા એલ.સી.બી.પોલીસ.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, પંચમહાલ જિલ્લામાં દારૂની અસામાજીક ગોધરા એલ.સી.બી.ને બાતમી મળી હતી કે, એક સી.એન.જી.રીક્ષા નંબર જી.જે.૦૭.એ.ટી ૩૬૫૨ માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી લઈને રીક્ષાનો ચાલક દામાવાવથી નિકળી વેજલપુર થી ચલાલી તરફ જવા નિકળી હોવાની બાતમી આધારે એલ.સી.બી એ સ્ટાફ સાથે ચલાલી નાકાબંધી કરી રીક્ષા સાથે એક ચાલકને ઝડપી પાડ્યા હતા.તેની તપાસ હાથ ધરવામાં આવતાં રોયલ બ્લુ મલ્ટ વ્હીસ્કી નાં ક્વાટરીયા નંગ-૨૮૮ જેની અંદાજીત કિંમત રૂા.૨૮,૮૦૦/- ના દારૂનાં જથ્થા સાથે ઝડપી પાડેલ રીક્ષા ની કિંમત રૂા.૧,૦૦,૦૦૦/- સહિત કુલ ૧,૨૮,૮૦૦/- મુદ્દામાલ કબજે કરી ચેતનકુમાર બોડાણા ર.હે (ચીકલા પંચાયત) તા.ઠાસરા ના આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશનની અલગ-અલગ કલમો હેઠળ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સુરતના પત્રકારે ફરિયાદ કરતા સમગ્ર કૌભાંડનો ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો

# સરકારી નોકરીના બહાને લાખો રૂપિયા પડાવતી ટોળકીની ધરપકડ

ગાંધીનગર ગુજરાત પોલીસમાં નોકરી આપવાની લાલચ આપી ૪૦ યુવાનોનું ૧ કરોડ ૪ લાખનું ફુલેકું ફેરવી નાખનાર ગેંગ પૈકીના ચાર આરોપીઓને પૂર્વ બાતમીના આધારે સેકટર ૧૯ પુનિત વન પાસેથી ઝડપી લઈ આઠ મોબાઈલ ફોન, નોકરીના ઓર્ડરો, ડુપ્લીકેટ આઈ કાર્ડ, કાર તેમજ રોકડ રકમ મળી કુલ. ૫.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે. સુરતના પત્રકારે ગઈકાલે નોંધાવેલી ફરિયાદના પગલે ગાંધીનગર ક્રાઈમ બ્રાંચ દ્વારા ગણતરીનાં કલાકોમાં જ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરી દીધો હતો.સુરતના કામરેજ મુકામે સુરભી રેસિડન્સીમાં રહેતા અને સુરતના ગ્રાહક ચેતના સાપ્તાહિકમાં પત્રકાર તરીકે ફરજ બજાવતા ૨૦ વર્ષીય પ્રતાપ કૈલાશભાઈ જાટ સાથે પોલીસમાં નોકરી આપવાની લાલચ આપી સિદ્ધાર્થ હિતેષભાઈ પાઠક, તેની પત્ની પૂજા પાઠક (જુનાગઢ), ગાંધીનગરનો કલ્પેશ પટેલ, રાહુલ લલ્લુવાડિયા (મણીનગર), મહેશ્વરી જગદીશભાઈ જાખરીયા (ચાંદખેડા) એ એકબીજાની મદદગારી કરી રૂ. ૩.૫૦ લાખનું ફુલેકું ફેરવી દેવામાં આવ્યું હોવા અંગે સેક્ટર ૨૧ પોલીસ મથકમાં ગઈકાલે ફરિયાદ નોંધાવવા પામી હતી.

આ ગંભીર ફરિયાદના પગલે ગાંધીનગર રેન્જ આઈજી અભય ચૂડાસમા તેમજ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જય વાઘેલાને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરવા સૂચનાઓ આપી દેવામાં આવી હતી. ત્યારે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમની સાથોસાથ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પણ ગુનાનો ભેદ ઉકેલવા ઝંપલાવી દેવામાં આવ્યું હતું. ત્યારે પીએસઆઈ વી.કે રાઠોડની ટીમના જમાદાર ઘનશ્યામ તેમજ જીગ્નેશકુમારને ઉપરોક્ત ગુના સંદર્ભનાં આરોપીઓ સેક્ટર ૧૯ ના પુનિત વન પાસે સ્વિફ્ટ કારમાં હોવાની ગુપ્ત રાહે બાતમી મળી હતી.

જેના પગલે ક્રાઈમ બ્રાન્ચનો કાફલો ઉપરોક્ત સ્થળે દોડી ગયો હતો અને ગાડીને કોર્ડન કરી લીધી હતી. અને સિદ્ધાર્થ દેશ પાઠક તેની પત્ની પૂજા તેમજ રાહુલ લલ્લુ વાડીયા અને મહેશ્વરી જાખરીયાને દબોચી લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચે ગાડીની તલાશી લેતા ડેશબોર્ડ તેમજ ડેકીમાંથી અલગ-અલગ રેક્નાં પોલીસના આઈડેન્ટી કાર્ડ નંગ ૨૫ તેમજ લોકરક્ષક ભરતી બોર્ડના ૨૫ ઓર્ડરો જુદા જુદા યુવાનોના નામના મળી આવ્યા હતા.

## ૪૦ જેટલા યુવાનોને પોતાની જાળમાં ફસાવ્યા

આ અંગે ક્રાઈમ બ્રાન્ચના ઈન્સપેક્ટર જય વાઘેલાએ જણાવ્યું હતું કે સિદ્ધાર્થ પાઠક તેમજ તેની પત્ની પૂજા પોલીસ ખાતાના ઉચ્ચ અધિકારીઓ સાથે ઓળખાણ હોવાનો ભ્રમ ઊભો કરી પોલીસની નોકરી મેળવવા માટે માગતા યુવાનો તેમજ સગા-સંબંધીને પોતાની જાળમાં ફસાવતા હતા. અને પૂજા પોતાના પંજાબ ખાતે નાભાવાડામાં રહેતા મિત્ર અરિજિતસિંગ મારફતે ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓના સહી સિક્કા વાળા નિમણૂક પત્રો તેમજ અલગ-અલગ રેક્કના આઈડેન્ટી કાર્ડ બનાવી આપતો હતો. અત્યાર સુધીમાં ઉપરોક્ત આરોપીઓએ ૪૦ જેટલા યુવાનોને પોતાની જાળમાં ફસાવી ૧ કરોડ ૪ લાખનું કૌભાંડ આચર્યું હોવાનું ખુલવા પામ્યું છે.

## દાહોદના વાલ્મિકી સમાજના અને અત્યન્ત ગરીબ પરિવારના ૪ વર્ષના બાળકનું નિઃશુલ્ક ઓપેશન કરતા તબીબને સમ્માનિત કરાયું

દાહોદ, દાહોદના વતની અને વડોદરાના પ્રખ્યાત કિડની સ્પેશ્યાલીસ ડો.પગનેસ ભરપોડાએ દાહોદના વાલ્મિકી સમાજના અત્યન્ત ગરીબ ૪ વર્ષના બાળકનું નિઃશુક અને સફળ ઓપરેસન કરી તબીબે માતૃભૂમિનું ત્રણ ચૂકવ્યું. જેથી આજ રોજ પોતાના વાલ્મિકી સમાજના ૪ વર્ષના ગરીબ પરિવારના બાળકનું નિઃશુલ્ક ઓપરેશન કરાતા દાહોદના વાલ્મિકી સમાજના અગ્રણીઓ દ્વારા દાહોદ એમના વતને એમના ઘરે આવેલ ડો.પ્રગનેસ ભરપોડા નું સમ્માન કરી ખૂબ ખૂબ આભાર માન્યું

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૪-૦૫-૨૦૨૧, સોમવાર, વૈશાખ સુદ-૧૩, સૂર્યોદય-૫-૨૬, સૂર્યાસ્ત-૭-૦૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૪.૦૫.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઈ.):- કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે.

વૃષભ(બ.વ.ઉ.):- ક્ષણિક આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં.

મિથુન(ક.છ.ઘ.):- લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે.

કર્ક(ડ.હ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો.

સિંહ(મ.ટ.):- જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે.

કન્યા(પ.ઠ.ણ.):- તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે.

તુલા(ર.ત.):- ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

વૃશ્ચિક(ન.ય.):- તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.

મકર(ખ.જ.):-સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.

કુંભ(ગ.શ.સ.):- તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે.

મીન(દ.ચ.ઝ.):- માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨.૪૦ લાખ કેસ નોંધાયા, ૩૭૩૬ દર્દીઓનાં મોત

ન્યુ દિલ્હી, કોરોના વાઈરસ વિરુદ્ધ જંગમાં ભારતને જીત મળતી હોય તેમ લાગી રહ્યું છે અને હવે કોરોનાની બીજી લહેર ધીમે-ધીમે નબળી પડી રહી છે. દેશના અલગ-અલગ ભાગોમાં લેવામાં આવેલા આકરા પગલા અને વૅક્સિનેશન અભિયાનની અસર હોવો જોવા મળી રહી છે, કારણ કે આ મહિનામાં પ્રથમ વખત છે, જ્યારે એક દિવસમાં ૨.૫૦ લાખની નીચે નવા કેસ મળ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨,૪૩,૭૭૭ નવા કોરોનાના પોઝિટિવ કેસો મળ્યાં છે. જે આ મહિનાના અત્યાર સુધીના સૌથી ઓછા કેસ છે. આટલું જ નહીં, પ્રતિદિન થનારા મોતના આંકડામાં પણ મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. આમ ૩૫ દિવસો બાદ કોરોનાના નવા કેસો ૨.૫૦ લાખની નીચે નોંધાયા છે. અગાઉ ૧૬મીં એપ્રિલે ૨,૩૪,૦૦૨ લોકો કોરોનાથી સંક્રમિત થયા હતા. જ્યારે આજે એક દિવસમાં વધુ ૩,૭૮૮ દર્દીઓના મરણ નોંધાયા છે.

નવા કેસ ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૨,૬૫,૨૮,૮૪૬ પર પહોંચી ચૂક્યો છે. જ્યારે આ જીવલેણ વાઈરસ અત્યાર સુધીમાં ૨,૯૯,૨૯૬ દેશવાસીઓને ભરખી ચૂક્યો છે.

હાલ દેશમાં કોરોના વાઈરસના એક્ટિવ કેસોની સંખ્યા ૨૮,૦૦,૪૦૩ પર પહોંચી ચૂકી છે. જો કે દેશમાં રિકવરી રેટ રાહત આપનારો છે. આજે એક જ દિવસમાં ૩,૫૪,૮૨૫ લોકો કોરોનાને માત આપવામાં સફળ થયા છે. જો નવા કેસ અને સ્વસ્થ થનારા દર્દીઓની સરખામણી કરીએ તો, જેટલા નવા દર્દીઓ મળ્યાં છે, તેના કરતાં ૧ લાખ વધુ દર્દીઓ સ્વસ્થ થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ મુજબ, ભારતમાં ગઈ કાલે કોરોના વાઈરસ માટે કુલ ૨૧,૨૩,૭૮૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. જેમાં કાલે કુલ ૩૨,૮૬,૦૭,૯૩૭ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યાં છે.

ભારતમાં ૨૧ મે સુધીમાં ૮૩,૧૩૫ મોત નોંધાયા છે, જે પાછળના ત્રણ અઠવાડિયામાં નોંધાયેલા ૪૩,૨૫૮ મોતથી ૯૨% વધુ છે. જેની સરખામણીમાં આંકડા જોઈએ તો તે ૧૦-૨૦ એપ્રિલ વચ્ચે ૫૯.૫ લાખથી ૨૦% વધીને ૧-૨૧ મે વચ્ચે ૭૧.૩ લાખ સુધી પહોંચ્યા. એટલે કે કેસની સરખામણીમાં મૃત્યુઆંકમાં ત્રણ ગણો ઉછાળો દેખાયો છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# NFSA ના રાશનકાર્ડ ધારકોને દે.બારીયા તાલુકાની રેશનની દુકાનો પર ખાંડનો જથ્થો હજુ સુધી કયા કારણે ઈશ્યુ કરાયો નથી ?


દે.બારીયા,

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધારકોને અંત્યોદયના કુટુંબોને ૨૫ કિલો ઘઉં, ૧૦ કિલો ચોખા, ૧ કિલો તુવેરદાળ, ૧ કિલો ખાંડ, ૧ કિલો આયોડીન મીઠું નિઃશુલ્ક દાહોદ જીલ્લામાં વિતરણ કરાયું તેનું અખબારી અહેવાલ આપી જાહેર કરી દેવું એ સહેલું છે પરંતુ કયા કયા તાલુકાઓમાં તમામ જથ્થો પહોંચી ચુકયો છે. તેની પણ જીલ્લાના વહિવટી તંત્ર એ થોડી દરકાર લેવું આવશ્ય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા તાલુકાની ૮૪ દુકાનોમાં ૩૫ દુકાનોને ખાંડ ઈશ્યુ કરવામાં આવી છે. ૪૯ દુકાનોમાં ખાંડ પહોંચી શકી નથી. ગોડાઉનમાં ખાંડનો જથ્થો ઉપલબ્ધ નથી. જે ૩૫ રેશનની દુકાનોમાં ખાંડ ઈશ્યુ થઈ ચુકી છે. તે રેશનની દુકાનના સંચાલકો એ ખાંડ કાર્ડધારકોને કેમ આપી નથી તે યક્ષ પ્રશ્ન છે. ૨૦૨૦ના કોરોના લોકડાઉનમાં આજ દુકાનદારોએ ખાંડ કાર્ડધારકોને આપી ન હતી. બધા ભેગા મળીને સગેવગે કરી હતી. જેથી ૨૦૨૧માં મે અને જૂન માસની ખાંડ સગેવગે કરવાનો પેંતરો રચાઈ રહ્યો છે. જેથી લાગતા વળગતા રાજયકક્ષાના મહેસુલ સચિવો આવા કૌંભાડે કોના મેળાપીપણાથી થઈ રહ્યા છે. તેની ઘનિષ્ટ તપાસનો વિષય છે અને આગલા વર્ષના ખાંડ સગેવગે કરવાના પુનરાવર્ત ન થાય તે અંગેનું ખાસ ધ્યાન રાખવું.

તદ્દઉપરાંત કેન્દ્રની સરકારે રેશનની દુકાનોને રજાના દિવસોમાં પણ ખુલ્લી રાખવાનો આદેશ કેમ જારી કર્યો છે કે દરેક કાર્ડધારકને તમામ જથ્થો પુરેપુરો મળી રહે અત્રે ઉલ્લેખનિય છે કે, દે.બારીયા તાલુકાના ડાંગરીયા ગામની દુકાનદારે આ નિઃશુલ્ક અનાજનું કૌભાંડ કરીને લાખોનું અનાજ સગેવગે કરી નાખ્યું હતું. હાલમાં પણ આ જીલ્લાના વહિવટી તંત્રને પણ ખબર તો હશે. બીજું ગોડાઉન માંથી અનાજ ઘઉં, ચોખા બે થી ત્રણ કિલો કાંટા દીઠ ઓછું હોય છે. જેથી કાર્ડધારકોને પણ ઘઉં, ચોખામાં કાપ કરીને ઈશ્યુ કરાય છે. તે માટે જવાબદાર કોણ છે ? તે અંગેની પણ રાજયકક્ષાના સચિવોને તપાસ કરવી જોઈએ. તેવું કાર્ડધારકોની માંગ છે. તેમજ તમામ રેશનની દુકાનો ઉપર પૂરતો અનાજ ખાંડ, દાળનો જથ્થો સમયસર પહોંચી જાય તે માટે સુચનો કરવા એક યોજનાનું અનાજનો જથ્થો મળી જાય અને બીજી યોજના અથવા હાલમાં ૪૯ દુકાનો ઉપર પહોંચી શકી નથી. તેની અનાજમાં ઘઉં, ચોખા મળી ગયા પરંતુ ખાંડ નથી આપી તે ખાંડ સગેવગે થવાના કાર્ડધારકોને ભય છે. કયારે ખાંડ મળશે તે યોગ્ય જવાબ અથવા સુચન પણ કરવામાં આવતું નથી. લાગતા વળગતા પુરવઠા વિભાગના પદના અધિકારીઓ આના માટે યોગ્ય પગલા લેવા રહ્યા કે પછી આંખ આડા કાન કરશે ?

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૫ કોરોના કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે સીઝનના સૌથી એને એકાએક કોરોના સંક્રમણના કેસો ઘટતાં જોવા મળ્યાં છે. આજે માત્ર કોરોનાના ૧૫ કેસો પોઝીટીવ નોંધાતાં જિલ્લાવાસીઓનું કોવિડ ૧૯નું ચુસ્તપણે પાલન, વહીવટી તંત્રની કામગીરી રંગ લાવી તેમ કહીએ તેમાં કોઈ અતિશ્યોક્તિ નહીં ગણાય.

આર.ટી.પી.સી.આર.ના ૮૪૫ પૈકી ૦૭ અને રેપીટ ટેસ્ટના ૧૧૨૩ પૈકી ૦૮ મળી આજે ૧૫ કોરોના પોઝીટીવ ૧૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૮, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧, ગરબાડામાંથી ૦૨, ફતેપુરામાંથી ૦૩ અને સંજેલીમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે મોટા ભાગના શહેરી વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાંથી હરહંમેશની માફક આવતાં કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે અને મોટાભાગના વિસ્તારોમાંથી આજે કેસો આવ્યાં નથી. આ એક સારા સમાચાર પણ છે. આજે કોરોનાથી ૦૧ દર્દીનું મોત પણ નીપજ્યું છે. સાજા થતાં દર્દીની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. આજે એકસાથે ૬૧ લોકો કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. એક્ટીવ કેસોની સંખ્યા ઘટીને ૩૮૬ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૦૦૫ને પાર થઈ ગયો છે.

# દાહોદ પાલિકા દ્વારા શહેરના અનેક વિસ્તારોમાં સેનેટાઈઝરનો છંટકાવ કર્યો




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં દર રવિવારે સમગ્ર દાહોદ શહેરમાં સેનેટરાઈઝર ઝંટકાવની કામગીરી કરવામાં આવે છે. આજે પણ દાહોદ પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા શહેરના ઘણા વિસ્તારોમાં સેનેટરાઈઝરીંગ કરવામાં આવ્યું હતું. શહેર સહિત જિલ્લામાં કોરોનાનો કેસોમાં ઘટાડો નોંધાયો છે. જેને પગલે શહેર સહિત જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે.

દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવી મુક્યો હતો. એપ્રિલ માસના પ્રારંભની સાથે જ એક થી દોઢ માસમાં જેટલા કેસો પોઝીટીવ આવ્યાં હતાં તેટલા કેસો તો કોરોનાની પ્રથમ લહેરમાં પણ ન હોતા આવ્યાં હતાં. કોરોનાની બીજી લહેરે સૌ કોઈને ચિંતામાં મુકી દીધાં હતાં. આ બીજી લહેરમાં વૃધ્ધોની સાથે સાથે યુવાનોને પણ કોરોનાએ પોતાના સકંજામાં લીધાં હતાં. આરોગ્ય તંત્ર સમેત જિલ્લા વહીવટી તંત્ર માટે આ કોરોનાની બીજી લહેર જાણે પડકાર રૂપ સાબીત થઈ હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના સંક્રમણને અંકુશમાં લાવવા માટે જાહેર કાર્યક્રમો, લગ્ન પ્રસંગો, મેળાવડા પર પ્રતિબંધ અને કોરોના ગાઈડ લાઈન પ્રમાણે કાર્યક્રમો યોજવા માટે જાહેરનામા પ્રસિધ્ધ કરી કોરોના સંક્રમણને ઘટાડવાના સઘન પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં અને હાલ પણ આ જાહેરનામાનો અમલ યથાવત્ છે પરંતુ છેલ્લા કેટલાંક દિવસોથી દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. ટેસ્ટીંગ ઓછુ કરી દેવામાં હશે? ટેસ્ટીંગ કીટોની અછત હશે? જેના કારણે કોરોના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે તેવી જાહેર અને છડેચોક બુમો પણ ઉઠવા પામી છે પરંતુ લગભગ કોરોનાના કેસોમાં ઘટાડો પણ થઈ રહ્યો છે. દાહોદ પાલિકા તંત્રના આરોગ્ય વિભાગ દ્વારા અગાઉ પણ શહેરમાં તાબેતા મુજબ સેટેરાઈઝીંગ ઝંટકાવની કામગીરી કરવામાં આવતી હતી અને દર રવિવારે ફરજીયાત સોસાયટી, ગલી – મહોલ્લા, ફળિયા વિગેરે જેવા રહેણાંક વિસ્તારો સહિત જાહેર સ્થળો પર આ કામગીરી કરવામાં આવતી હતી અને હાલ પણ આ કામગીરી ચાલી રહી છે. ત્યારે આજરોજ પણ શહેરના ઘણા વિસ્તારોમાં આ કામગીરી હાલ પુરજોશમાં ચાલી રહી છે.

# દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં બે લગ્ન સ્થળ પર પોલીસની એન્ટ્રીથી રંગમાં પડ્યો ભંગ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના બે ગામોમાં લગ્ન પ્રસંગોમાં જાહેરનામાનો ભંગ થતો જોવાતાં પોલીસની ટીમના સપાટામાં નિમંત્રકો અને ડી.જે.સંચાલકો વિરૂધ્ધ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળ્યા અનુસાર, ડી.જે. સંચાલકોના ડી.જે.સિસ્ટમ પણ જપ્ત કરવામાં આવ્યાં છે.

ગતરોજ રાત્રીના સમયગાળા દરમ્યાન મામલતદારની પરવાનગી મેળવ્યા વિના લગ્ન આયોજિત કરી ધાનપુર તાલુકાના કાળિયાવાડ ગામે ૨૦૦ થી વધુ મહેમાનો તથા ભોરવા ગામે ૨૦૦ જેટલા માણસો બોલાવનાર નિમંત્રકો દ્વારા ડી.જે બોલાવી ડી.જે. પર વગાડી નાચગાન કરતાં હતાં. લગ્ન પ્રસંગમાં સરેઆમ સોશીયલ ડિસ્ટન્સનો ભંગ, માસ્ક વગર લોકો જોવાતાં ધાનપુર પોલીસે સપાટો બોલાવ્યો હતો. સોશિયલ ડિસ્ટન્સ ભંગ કરનાર તથા રાત્રી દરમિયાન સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરતા મળી આવેલ હોઈ તેમના વિરૂધ્ધ જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ ઈપીકો કલમ ૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૫૧(૧)બી મુજબ નિમંત્રક તથા ડી.જે સંચાલક વિરૂધ્ધ ધાનપુર પોલીસ ટિમ દ્વારા કુલ ૦૨ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાનાસરસવા પૂર્વ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વેક્સિન બાબતે ગ્રામજનોનો હોબાળો : પોલીસે આવી મામલો થાળે પાડયો.



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સરસવા પૂર્વ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે શનિવારના રોજ સ્થાનિક લોકોને વેક્સિન આપવાની ના પાડે છે અને જિલ્લા બહારના લોકોને વેક્સિન આપે છે. તે બાબતને લઈને હોબાળો મચાવ્યો હતો. મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

દેશભરમાં કોરોના મહામારી સામે રક્ષણ માટે માત્ર વેક્સિન જ ઉપાય હોવાનું આરોગ્ય વિભાગ જણાવી રહ્યું છે. જેથી તમામ લોકોને ફરજીયાત વેક્સિન લેવા માટે પણ અપીલ કરાઈ રહી છે. જેમાં દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં પણ હવે લોકોમાં વેક્સિન લેવા બાબતે જાગૃત આવી હોય તેવું જોવા મળી રહ્યું છે. ફતેપુરા તાલુકાના સરસવા પૂર્વ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ગ્રામજનો દ્વારા વેક્સિન લેવા બાબતે છેલ્લા કેટલાક દિવસોથી આરોગ્ય સ્ટાફ દ્વારા ધક્કા ખવડાવવામાં આવતા હોવાનું અને જિલ્લા બહારના લોકોને વેક્સિન આપે છે. તેવું જણાવી શનિવારના રોજ હોબાળો મચાવ્યો હતો. આરોગ્ય સ્ટાફને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

# એમ.જે.એફ લાયન કમલેશ લીમ્બાચીયાની નવા રિજિયન ચેરમેન તરીકે નિયુક્તિ કરાઇ

દાહોદ

ધ ઈન્ટરનેશનલ એસોસિએશન ઑફ લાયન્સ કલબ માં ડીસ્ટ્રીક–૩૨૩૨એૅફ–૧ માં ૨૦૨૧–૨૨ માં એમ.જે.એફ લાયન કમલેશ લીમ્બાચીયા ની નવા રિજિયન ચેરમેન તરીકે નિયુક્તિ કરાઈ. કેબિનેટ ઘોષણા સમારોહ માં ડિસ્ટ્રિકટ ગવર્નર લાયન કૃષ્ણકાંત દેસાઈ દ્વારા રિજિયન ૮ માં રિજિયન ચેરમેન તરીકે નિયુક્તિ કરાઈ. એમાં ડિસ્ટ્રિકટ ગવર્નર લાયન જે. પી. ત્રીવેદી, પી.ડી.જી લાયન રમેશ પ્રજાપતિ, પી.એમ.સી.સી લાયન પરિમલ પટેલ, વી. ડી.જી.૨ લાયન વિજયસિહ ઉમટ, લાયન યુસુફી કાપડિયા તથા મોટી સંખ્યામાં કેબિનેટ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. એમ.જે.એફ રીજીયન ચેરમેન લાયન કમલેશ લીમ્બાચીયાએ જણાવ્યું હતું કે, નવા વર્ષ માં ખૂબ જ સારા લાયન વાદ, સેવાકીય પ્રવૃત્તિઓ અને લીડરશીપ કરીશું, એવી દિલથી ખાતરી આપી લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી ના દરેક સભ્યોએ શુભેચ્છાઓ પાઠવી હતી.દાહોદ જિલ્લા ના લાયન સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા અને ખુશી વ્યક્ત કરી હતી

# દાહોદના ગારખાયા વિસ્તારમાં પોલીસે રેડ કરી ૨૯ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ શહેરના ગારખાયા વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં વિદેશી દારૂનું વેચાણ થતું હોવાની પોલીસને બાતમી મળતાં ઓચિંતો છાપો મારતાં મહિલા સહિત ત્રણ જણાને ઝડપી પાડી કુલ રૂા.૨૯,૩૨૫નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ શહેરના ગારખાયા વિસ્તારમાં સંગાડીયા ફળિયામાં રહેતી લક્ષ્મીબેન બદીયાભાઈ સંગાડીયા, દિનેશભાઈ બદીયાભાઈ સંગાડીયા અને નરેશભાઈ બદીયાભાઈ સંગાડીયા આ ત્રણેય જણા એક બીજાના મેળાપીપળામાં પોતાના મકાનમાં વિદેશી દારૂનું વેચાણ કરતાં હતા. આ અંગેની બાતમી પોલીસને થતાં આજરોજ સવારના સમયે મકાનમાં ઓચિંતી રેડ પાડી હતી. આ દરમ્યાન ઉપરોક્ત ત્રણેય જણાને પોલીસે અટકાયતી કરી હતી અને મકાનની તલાસી લેતાં મકાનમાંથી વિદેશી દારૂ નાની મોટી બોટલો નંગ.૧૩૮ કિંમત રૂા.૨૯,૩૨૫નો પ્રોહી જથ્થો કબજે કરી દાહોદ શહેર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના રોઝમ ગામની સગીરાનું લગ્ન કરાવાના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના રોઝમ ગામેથી એક ૧૩ વર્ષીય સગીરાને પત્નિ તરીકે રાખવાના ઈરાદે એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાંનું જાણવા મળે છે.

ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે સરાબલી ફળિયામાં રહેતાં અરવિંદભાઈ જવસીંગભાઈ બારીયાએ ગત તા.૦૯મી મેના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદના જીવનદીપ સોસાયટીના એક ભાડાના મકાનમાં એક યુવકે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આયખું



દાહોદ,

દાહોદ તાલુકાના દેલસર ગામની પ્રાથમિક શાળા પાસેના રહેવાસી પીન્ટુભાઈ પલાસ નામક યુવકે દાહોદ તાલુકાના ગલાલિયાવાડ ગ્રામ પંચાયતના જીવનદીપ સોસાયટીમાં ભાડાના મકાનમાં અગમ્ય કારણોસર પંખામાં દોરડા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી હતી.મળતી માહિતી અનુસાર દેલસરનો આ યુવક હાલ જીવનદીપ સોસાયટીના એક મકાનમાં ભાડેથી રહી બસ સ્ટેન્ડના પાર્કિંગમાં નોકરી કરી રહ્યો હતો. જોકે આ યુવકે કયા કારણોસર આત્મહત્યા કરી તે હાલ જાણી શકાયું નથી પરંતુ ઘટનાની જાણ આસપાસના લોકોને થતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળ નજીક ભેગા થયા હતા. તારે આ બનાવની જાણ દાહોદ તાલુકા પોલીસ મથકે કરાઈ હોવાનું કહેવાઈ રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 230

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલ તાલુકા વિકાસ અધિકારીના રાજમાં...કરમની કઠણાઈ

# કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચારની ચાલતી પાપલીલા

**સરકારની સ્વચ્છ પ્રતિભાને લુનો લગાડનાર વેજલપુર ગ્રામ પંચાયતના તલાટીના કારનામા થી તાલુકા વિકાસ અધિકારી અજાણ ...! કે પછી ભાગીદાર...!!**

**ડિજિટલ યુગમાં તલાટી અને તેના મળતીયા ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોના પરાક્રમોથી વેજલપુર ગામ વિકાસ કામોથી રહ્યો વંચિત...**

**તલાટી અને તેના મળતીયા કોન્ટ્રકરોની મિલીભગતથી કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયતમાં ખેલાયો ખાયકીનો ખેલ...**

**આ ભ્રષ્ટતલાટીએ ગ્રામ પંચાયતમાં આવતી સરકારશ્રીની કરોડોની ગ્રાન્ટો લોકકલ્યાણને બદલે પોતાના અને મળતીયા લોકોના આત્મકલ્યાણમાં વધુ વપરાય રેહવાતી હોવાની લોકોમાં થતી ચર્ચા...**

**પ્રજા કહે છે ... આ કૌભાંડી તલાટીએ ખાલી કાગળ ઉપર વિકાસ કામો બતાવીને મોટી ખાયકીનો ખેલ ખેલી નાખ્યો છે ... !**

ગોધરા, રાજય સરકાર રાજયની દરેક ગ્રામ પંચાયતને ગામના પ્રજાના વિકાસના કામો માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે, અને ગ્રામ પંચાયતના હોદ્દેદારો આ કામો માટે ફાળવાયેલી ગ્રાન્ટથી ગામમાં વિકાસના કામો કર્યા કરે છે. રાજ્યની ઘણી ગ્રામ પંચાયતો સર્વશ્રેષ્ઠ કામગીરી કરીને સરકારનો એવોર્ડ મેળવતી હોય છે, કેમ કે એવી ગ્રામ પંચાયતના હોદ્દેદારો અને અધિકારીઓ પ્રજાલક્ષી એવી દ્દષ્ટાંતરૂપી કામગીરી કરતા હોય છે, કે જેની નોંધ સરકાર પણ લે છે. જેમાં પંચાયતોના અધિકારી એવા તલાટી અને પંચાયતના સત્તાધીશોની સમર્પિત ભાવના મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. ત્યારે આજે એવી પણ કેટલીક ગ્રામ પંચાયતો છે કે જે આ પંચાયતોમાં વર્ષોથી કોઈ વિકાસ કરી શકયા નથી. ત્યારે સવાલ થાય કે શું સરકાર આવી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ આપતી નથી ..? પણ ના ... ગ્રાન્ટ તો લાખોની મળે છે પણ ભ્રષ્ટ બની બેઠેલા અને ટુંક સમયમાં કરોડપતિ બનવા આવેલા તલાટી અને તેના મળતીયાના લીધે આ ગ્રાન્ટ વિકાસના બદલે ખાયકીમાં જતી રહે છે, કાલોલ તાલુકાની વેજલપુર ગ્રામ પંચાયતમાં પણ કંઈક આવું જ છે. જ્યાં પંચાયતના ભ્રષ્ટ તલાટી અને તેના મળતીયા ગણ્યા ગાંઠિયા બન્યા બેઠેલા કોન્ટ્રાક્ટરો જાણે કે ખાવા માટેજ સર્જાયા હોય તેમ સરકારી ગ્રાન્ટોમાં ગાબડા પાડી ખાલી કાગળ ઉપર વિકાસ કામો થયાં હોવાનું બતાવી મોટા પ્રમાણમાં ખાયકી આચરી રહ્યા છે અને એવા ભ્રષ્ટ સત્તાધીશો ના

**તાલુકા વિકાસ અધિકારીના રાજમાં આવેલ વેજલપુર ગ્રામ પંચાયત ભ્રષ્ટાચારનું આસન બન્યું છે ..?? શુ આ સત્ય છે ...??**

પાપે આજે પણ વેજલપુર ગામના લોકો અત્યારના ડિજિટલ યુગમાં વિકાસના કામોથી કોસો દૂર રહયા છે. પ્રજા જાણે કે ૧૮ મી સદીમાં જીવતી હોય તેમ ગ્રામ પંચાયતમાં વિકાસના કામો ન થયા હોવા છતાં કોઈ શોરબકોર કરતી નથી, તેના પાછળનું કારણ હોય છે ગામમાં લાગેલ તલાટી રૂપી ભ્રષ્ટ ની કિડ, કેમ કે આવા ભ્રષ્ટ તલાટી ના સ્વવિકાસ ના લીધે ગામનો વિકાસ રૂંધાઈ જાય છે, સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ તો વેજલપુર ગ્રામ પંચાયતમાં આવેલી છે. જેમાં માટી મેટલનું કામ, ૧૪મા નાના પંચ, પેવર બ્લોક ના કામો, સીસી રોડ જેવા અનેક વિકાસના કામો માટે ગ્રાન્ટ આપેલ છે, પરંતુ વેજલપુર ગ્રામ પંચાયતના ભ્રષ્ટરૂપી આવેલા તલાટીએ એવી કલાગીરી કરી છે કે, વેજલપુર ગામમાં જે જગ્યા અસ્તિત્વમાં નથી એવી જગ્યા ઉપર કામો કરેલા બતાવી સરકારને ચુનો ચોપાડી અને ખાલી કાગળ ઉપર રોડ રસ્તાઓ, પેવર બ્લોકના કામો બતાવ્યા છે પણ સ્થળ ઉપર કશું છે જ નહીં, તો સવાલ એ થાય છે કે આ કામોના લાખો રૂપિયા ક્યાં ગયા ? તો શું.. આવા સરકારી તલાટીને સરકારી પગાર ઓછો પડ્યો ?? જે વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસ કામો કાગળ ઉપર બતાવી સમગ્ર વિશ્વમાં જે ગુજરાત વિકાસ મોડેલની વાતો થાય છે. જેને આ ભ્રષ્ટ તલાટીએ લજવી દીધો, હવે જોવાનું એ રહ્યું કે, પંચમહાલ જિલ્લાના બાહોશ એવા જિલ્લા વિકાસ અધિકારી આ વેજલપુર ગ્રામ પંચાયતમાં થયેલ વિકાસ કામોની ગેરરીતિનો નિષ્પક્ષ તપાસ કરી વેજલપુર ગામના ગરીબ લોકોને ન્યાય અપાવી આ ભ્રષ્ટાચારમાં સામેલ કૌભાંડી અધિકારી અને આ તલાટી ના મળતીયા તેમજ ગણ્યાં ગાંઠિયા બની બેઠેલા જે પોતે ગોડફાધર સમજતા અને રાજકીય ઘરાવો ધરાવતા કોન્ટ્રાકટરો સામે લાલ આંખ કરશે ખરા...? કે પછી ...??

**કોણ છે આ કૌભાંડી તલાટી અને આ ભ્રષ્ટ તલાટીએ ક્યાં ક્યાં કામોમાં ગૈરરીતિ કરીને સરકારને ચોપાડ્યો છે ચુનો ... વાંચો વિગતવાર માહિતી ફોટા સાથે.**

## કોરોના મહામારી અનેક ડૉકટરો એ પોતાની નિષ્ઠાથી સેવા બજાવી : બીજી બાજુ એપેક્ષ લેબોરેટરીના ડૉકટરો એ નાણાં કમાવવા દર્દીઓને લુંટયા



પંચમહાલ સમાચાર

**--> કોરોના કપરા કાળમાં માનવધર્મ અને સેવાધર્મ તબીબો એ નિભાવ્યો છે. તેવામાં ગોધરાની એપેક્ષ લેબોરેટરીના તબીબો એ દર્દીને લુંટવાનો ધિકતો ધંધો માંડયો**

**--> ખાનગી ડૉકટરો અને સિવિલ હોસ્પિટલના તબીબોને દર્દી દીઠ ૪૦ થી ૫૦ ટકા કમીશન આપીને દર્દીઓને પોતાની લેબ ઉપર મોકલવા મનાવ્યા.**

**--> પાપ છાપરે ચડીને પોકારે તેમ વેબ પોર્ટલ ન્યુઝ સ્ટીંગ કરીને એપેક્ષ લેબોરેટરીના ગોરખધંધાનો પર્દાફાશ કર્યો**

**--> એપેક્ષ લેબોરેટરી ઉપર મેડીકલ કાઉન્સીલીગ દ્વારા પગલાં લેવામાં આવશે કે કેમ ? ગોધરાવાસીઓમાં ચર્ચા...!**

ગોધરા, કોરોના મહામારીકાળમાં અનેક તબીબો એ નિષ્ઠા થી પોતાની જાતની કે પરિવારની પરવાહ કર્યા વગર કોરોના દર્દીઓની સેવા કરવા માટે ફરજ બજાવી છે. તેવા કપરા કોરોનાકાળમાં ગોધરા શહેરના નગર પાલિકા રોડ ઉપર આવેલ એપેક્ષ લેબોરેટરીના સંચાલક બે તબીબો દ્વારા ગરીબ અને વિપરીત પરીસ્થિતના માર્યા દર્દીઓને લુંટવાનો ધંધો ધિકકતો રાખ્યો છે. એપેક્ષ લેબોરેટરીના તબીબો દ્વારા ખાનગી હોસ્પિટલ તેમજ સિવિલ હોસ્પિટલના ડૉકટરો સાથે સાંઠગાંઠ કરીને લોહી ચકાસણી માટે આવતાં દર્દીઓને પોતાની લેબોરેટરીમાં મોકલી આપતા તગડું ૪૦ થી ૫૦ % જેટલું કમીશન નકકી કરીને દર્દીઓને લુંટવાનો ધંધો કર્યો છે. માનવતા નેવે મૂકીને કોરોના મહામારીમાં લુંટનો ગોરખધંધાનો પર્દાફાશ થયો છે.ગોધરા શહેરના નગર પાલિકા રોડ ઉપર એપેક્ષ લેબોરેટરી આવેલ છે. આ એપેક્ષ લેબોરેટરીનું સંચાલન ડૉ. ભાવિન શાહ અને ડૉ. મોબીન અલવાણી કરે છે. ખૂબ ટુંકાગાળામાં નાણાં કમાવી લેવાની લાલસા સાથે આવેલ બન્ને તબીબો એ માનવતા નેવે મૂકી છે. શહેરના ખાનગી ડૉકટરો તેમજ સિવિલ હોસ્પિટલના અમુક તબીબો સાથે લેબોરેટરી તપાસની જરૂરીયાત ધરાવતા દર્દીઓને પોતાની લેબ ઉપર મોકલી આપવા માટે પ્રેરીત કર્યા હતા અને તેનાં વળતરમાં દર્દી પેંટે ૪૦ થી ૫૦ ટકા જેટલું તગડું કમીશન આપવામાં આવતું હતું. ટુંકા સમયમાં કમાણી કરી લેવાની લાલસા સાથે બન્ને તબીબો જાણે માનવતા નેવે મૂકી હોય તેવી હદ વટાવી ગયા હતા. લેબમાં આવતાં દર્દીઓ પાસેની મનમાની ફી વસુલવામાં આવતી હતી. ગોધરાની એપેક્ષ લેબોરેટરી દ્વારા દર્દીઓની ઉઘાડી લુંટ ચલાવવા આવતી હોય તેને ઉઘાડી પાડવા માટે બીડું ઝડપ્યું હતું અને વેબ પોર્ટલ ન્યુઝ ચેનલ દ્વારા સ્ટીંગ કરવામાં આવ્યું હતું. એપેક્ષ લેબોરેટરીના સંચાલક તબીબોને ટુંકા સમયમાં નાણાં કમાવી લેવા માટે જે શોર્ટ કટ અપનાવ્યો છે. તેને લઈ લોકોમાં ધુણો જોવા મળી રહ્યો છે. કોરોના જેવી મહામારીમાં લોકો ખુલ્લા હાથે યથાશકિત દાન કરવા અને સેવાભાવ માટે આગળ આવી રહ્યા છે. તેવા સમયે ગોધરાની લેબના તબીબો કમાઈ લેવાની લ્હાયમાં માનવતા ભુલ્યા છે. સાથે સમયના માર્યા દર્દીઓને લુંટવાની તરકીબની પોલ ખુલી છે. ત્યારે હવે આવા લાલચું અને નાણાંના ભુખ્યા તબીબો લોકો સમક્ષ ખુલ્લા પડયા છે. હજી જ્યાં સુધી આવા નાણાંના લોભીયા લેબ સંચાલકોને ખુલ્લા પાડવા માટે વેબ પોર્ટલ ન્યુઝે જે બીડું ઝડપ્યું છે. તેનાથી ગરીબ અને આંર્થિક પરીસ્થિતી નહિ ધરાવતા દર્દીઓ માટે આર્શિવાદ સમાન ગણાશે.



ગોધરા, કોરોના એક વૈશ્વિક મહામારી છે અને આ મહામારી અત્યારે આખા વિશ્વમાં ફેલાયેલી છે. ત્યારે આ મહામારીને વાતાવરણ માંથી દુર કરવાના એક ભાગરૂપે ગાયત્રી પરિવાર ગોધરા દ્વારા યજ્ઞ યાત્રા કાઢીને ગોધરા શહેરમાં પાંચ રથમાં૧૦ યજ્ઞકુંડ મૂકી વિશેષ પ્રકારની આયુર્વેદિક ઔષધિઓ ગાયનું ઘી– છાણા, લીમડાના પાન અને અતિમૂલ્યવાન ઔષધિયના સમ મિશ્રણથી ગોધરા શહેરની આજે યોગેશ્વર સોસાયટી, પાર્વતી નગર, વૈભવનગર, ચક્રધારી, ગણેશનગર, સોમનાથ નગર તથા વલ્લભનગર અને બીજા અનેક ફળીયાઓમાં આજે ગોધરા શહેરમાં ૨૪ પરિજનો સવારના ૭ થી બપોરના ૧૨ સુધી પોતાનો આજે રવિવારના દિવસે અમૂલ્ય સમય દાન આપીને પર્યાવરણ શુદ્ધિ માટે વૈજ્ઞાનિક આધારોને ધ્યાનમાં રાખીને સાયન્ટિફિક પ્રોસેસ થી આજે દરેક વિસ્તારોમાં ભવ્ય ૧૦ કુંડીય હોમાત્મક યજ્ઞ પાંચ રથમાં લઈને સોસાયટી સોસાયટીઓમાં ફરીને યજ્ઞના માધ્યમ દ્વારાનો આયુર્વેદિકધુપ ખૂબ મોટી માત્રામાં ઉભી કરીને સોસાયટીઓમાં ચારેબાજુ ભવ્ય ખુબ સુંદર વાતાવરણનો સેનેટાઈઝર વર્ક કર્યું હતું. જે ખૂબ જ આવકારદાયકછે, સમાજ માટે કોરોનાની સામે પડકાર માટે આ એક રચનાત્મક બાબત છે સમાજ માટે ખુબ જ ઉપયોગી છ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરાના ડેમલી ગામ પાસે કારચાલકેબાઈક ને ટક્કર મારતા બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. જ્યારે મૃતકની પત્નીને શરીરે ગંભીર ઈજા થતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પોલીસે કાર મૂકીને રફુચક્કર થયેલ કાર ચાલક સામે ફરિયાદ નોધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.**

## પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના દર્દીઓમાં ઘટાડો આજરોજ ૩૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. જીલ્લામાં કોરોના સંક્રમણના કેસ ઘટતા આરોગ્ય તંત્ર એ રાહતનો શ્વાસ લીધો છે. આજરોજ જીલ્લામાં ૩૬ કોરોના સંક્રમણના કેસ નોંધાયા છે. જેની સામે ૧૮૦ જેટલા કોરોના દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.કોરોનાની બીજી લહેર પંચમહાલ જીલ્લામાં ઘાતક અસર જોવા મળી હતી. બીજી લહેરમાં કોરોના સંક્રમિત દર્દીઓ વધતાં કોવિડ હોસ્પિટલોમાં બેડ ખુટી પડયા હાત. બીજી લહેરના કોરોના સંક્રમણમાં દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટવાની સમસ્યા જોવા મળી હતી. કોવિડ હોસ્પિટલમાં ઓકસીજન બેડની ઘટને લઈ દર્દીઓને પરેશાની વેઠવી પડી હતી અને ઓકસીજન કમીને લઈ કેટલાય દર્દીઓને જીવ ખોવાનો વારો આવ્યો હતો. ત્યારે હવે પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના દર્દીઓમાં ઘટાડો જોવા મળ્યો છે. કોરોના સંક્રમણના દર્દીઓમાં ઘટાડો જોવા મળ્યો છે. તંત્રની તકેદારી તેમજ લોકો તરફ થી મળેલ સહકારને લઈ કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. આજરોજ ૩૬ કોરોના પોઝીટીવ દર્દી નવા નોંધાવા પામ્યા છે. જ્યારે કોરોનાની સારવાર લેતાં ૧૮૦ જેટલા દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. હાલ જીલ્લાની કોવિડ હોસ્પિટલમાં ૯૫૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. જીલ્લામાં કોરોના સંક્રમણ કેસ ઘટતા તંત્ર અને આરોગ્ય વિભાગમાં રાહત જોવા મળી છે. જીલ્લામાં કોરોના સંક્રમણના કેસ ઘટાડો થયો છે. કોરોના ગયો નથી લોકો સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કનો ઉપયોગ કરે તે જરૂરી છે.

## શહેરાના ભોટવા ગામે કુવા માંથી ૫ ફુટના મગરને રેસ્કયુ કરાયું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરાના ભોટવા ગામના માલિકીના પાણી ભરેલા કુવામાં આશરે ૫ ફૂટ લંબાઈ ધરાવતા મગરને અમદાવાદની ભારતીય ડિઝાસ્ટર રેસ્ક્યૂ રિસ્પોન્સર કોર્પ્સ ટીમે બે દિવસની મહામહેનતે રેસ્ક્યુ કરીને બહાર કાઢીને ગુણેલીના તળાવમાં છોડી મુકેલ હતો. રેસ્કયુ ટીમે કૂવામાં બહાર કાઢેલા પાંચ ફૂટ ના મગર ને જોવા લોકટોળા ઉમટી પડયા હતા.શહેરા તાલુકાના આવેલા ગ્રામીણ વિસ્તારોમાં તળાવોમા મગરોની વસ્તી છે. આ મગરો ઘણીવાર ખોરાકની શોધમાં રહેણાક વિસ્તારમા આવી જતા હોય છે. તાલુકાના ભોટવા ગામના પટેલ ફળિયામા રહેતા અર્જુનભાઈ નાનાભાઈના ખેતરમાં આવેલા પાણી ભરેલા ૪૦ફૂટ ઊંડા કૂવામાં અચાનક મગર જોવા મળ્યો હતો. મગર પાણીમાં વધુ તાકાત ધરાવતો હોવાથી મગર ને પકડી પાડવા માટે પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. અમદાવાદથી આવેલ ભારતીય ડિઝાસ્ટર રેસ્ક્યૂ રિસ્પોન્સર કોર્પ્સ ટીમ દ્વારા મગરને બહાર કાઢવામાં માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામા આવ્યું હતું. જેમાં બે દિવસની મહેનત બાદ મગરને કૂવામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢીને વન વિભાગને સોંપવામા આવ્યો હતો. વન વિભાગ દ્વારા મગરને ગુણેલીના મુખ્ય તળાવમાં સલામત સ્થળે છોડી મુકવામાં આવ્યો હતો. મગર કુવામાં હોવાનું જાણવા મળતા આસપાસના સ્થાનિક લોકો પણ મગરને જોવા ઉમટી પડ્યા હતા.

## મોરવા(હ)ના આગરવાડા ગામે ટ્રક ચાલકુ રાહદારીનું અડફેટમાં લઈ મોત નિપજાવ્યું



મોરવા હડફના અગરવાડા નજીક ટ્રકચાલકે ત્રણ વ્યક્તિઓને અડફેટે લેતા એક વ્યક્તિનું મોત જ્યારે બેને ઈજા થવા પામી હતી. પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

સંતરામપુર તાલુકાના કુંડા ગામે રહેતા શૈલેષભાઈ ગણાસવા અને રાજેશભાઈ ગણાસવા સહિતનાઓ મોરવા હડફના અગરવાડા નવી વસાહત નજીક રોડની સાઈડમાં ઊભા હતા. તે વેળાએ સંતરામપુર તરફથી પુરઝડપે આવી રહેલા ટ્રક ચાલકે તેઓને અડફેટે લીધા હતા. આ બનેલા અકસ્માતમાં શૈલેષભાઈ ગણાસવાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું. જયારે રાજેશ અને હિતેશ ને શરીરે ઓછી વત્તી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ટ્રક ચાલક ઘટના સ્થળે ટ્રક મૂકીને ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે મોરવા હડફ પોલીસ મથકે ટ્રકના નંબરના આધારે ટ્રક ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ટ્રકના નંબરના આધારે ટ્રકચાલકની શોધખોળ હાથ ધરવાની તજવીજ શરૂ કરી હતી.